સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

સૂણી ન શકે સૂર હૃદયનાં ત્યાં ઘાંટાઓ શું અર્થ?
સમજે ના સાદી વાત ત્યાં ગીતાપાઠનો શું અર્થ?
વ્યર્થ છે આજીજી ને કરવું અરણ્યમાં રૂદન -
ઝોખાય છે જયાં બધું ત્રાજવે ત્યાં લાગણીનો શું અર્થ?

હાઈકુ

ચડાખડીથી
વેંચાય છે વહાલ -
પ્રેમ બજારે !

સંસંવેદના
હૃદયના ચિત્કારે
જાગ વેદના

ચિંતન

અજ્ઞ : સુખામારાધ્ય: સુખતરમારાધ્યેતે વિશેષજ્ઞ : ।
જ્ઞાનલવ દુર્વિદગ્ધં બ્રહ્માપિ નરં ન રંજયતિ ॥

ઉપરોક્ત શ્લોક નીતિશતકમાંથી લેવામાં આવેલ છે. વિશેષ જ્ઞાન ધરાવનારને વિશેષ સરળતાથી પ્રસન્ન કરી સમજાવી શકાય છે. પરંતુ અધધરા - અલ્પજ્ઞાનથી જ પોતાને વિદ્વાન - જ્ઞાની માનનાર વ્યક્તિને બ્રહ્મા પણ સરળતાથી પ્રસન્ન કરી ને સમજાવી શકતો નથી.

અભણ કે અજ્ઞાનીને એ વાતની જાણ હોય તથા એ અજ્ઞાનનો સ્વીકાર કરી શકે એટલો નમ્ર હોય એવા વ્યક્તિને કોઈ વાત જો સમજાવવાની હોય તો એ સરળતાથી સમજી શકે છે. પોતાના જ્ઞાન કે આવડતથી એ 'દલીલો' કરતો નથી.

જે વિશેષ જ્ઞાની હોય એ પણ સરળતાથી સાચાં ખોટાંનો વિવેક કરી શકે છે અને કોઈ હકીકત એને સમજાવવામાં આવે ત્યારે એ તરત સમજી સ્વીકાર કરી લે છે. પરંતુ અધકચરું જ્ઞાન હોય તે પોતાને સર્વજ્ઞ સમજાવતા હોય એને કોઈ પણ 'સત્ય' કહેવામાં આવે ત્યારે તે પોતાની દલીલ - વિરોધ કરી પોતાને જ કક્કો સાચો છે એવું ઠસાવવા પ્રયત્ન કરે છે. આવાં લોકોને ભગવાન ખુદ આવી સમજાવે છતાંય એમને અસંતોષ જ રહે છે.

સુવિચાર

- બીતે વક્ત કા ચોકીદાર ના બન, ઈસ લમ્હેં કા કર્જ અદા કર - **રામપ્રસાદ**
- શરતો આ શેની છે એ વળી સંબંધમાં એક જ જિંદગી ને વળી બંધનમાં ? - **નિલેષ મહેતા**
- ઈશ્વર તપાસશે જરૂર, પણ દાઝવા નહીં દે, માટે મુશ્કેલીમાં શ્રદ્ધા ગુમાવવી નહીં - **એસ. ભટ્ટાચાર્ય**
- માણસના નહીં સાહેબ, ઈશ્વરના આધારે રહેજો,
  ઈશ્વર સંભાળી લેશે, માણસ સંભળાવી દેશે - **મોરારિ બાપુ**
- પૈસા વગર જિંદગી માણી શકાય પરંતુ જિંદગી વગર પૈસા ન વાપરી શકાય - **જીવન પાથેય**
- પ્રશંસાથી પીગળી ન જવું, આલોચનાથી ઉકળી ન જવું - **જન્મભૂમિ**
- આજનું ઔષધ : એલચી, સિંધવ, ઘી અને મધ ભેગાં કરીને ચાટવાથી કફ મટે છે અને ફેફસાં નિરોગી બને છે. **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

બિરની સિગલ નામના એક કેન્સર સર્જને 'લવ, મેડિસિન એન્ડ મિરેકલ્સ' નામના પુસ્તકમાં લખેલો પ્રસંગ. એમાં મનની શક્તિ, શરીર પર કેવી અસર કરે છે તેનો ઉલ્લેખ કરાયો છે. ૧૯૫૭ના વર્ષમાં એક રાઈટ નામનો પાઈલોટ હતો. એને ગળાનાં કેન્સરની ગાંઠ થઈ. એ વર્ષોમાં કેન્સરની કોઈ અરકારક દવા ન હતી. દિવસે દિવસે રાઈટની તબિયત બગડવા લાગી. એવાંમાં એક દિવસ એણે છાપામાં સમાચાર વાંચ્યા. કેન્સરને કાબૂમાં કરી શકાય એવી 'કલેબાયોસિન' નામની દવા શોધાઈ છે જેવા સેવનથી કેન્સરને મટાડી શકાય છે. રાઈટ આ સમાચાર વાંચી આનંદમાં આવી ગયા. થોડી ક્ષણો માટે મૃત્યુનો ડર સાવ જતો રહ્યો. એણે ડૉક્ટરને આ દવા આપવા વિનંતી કરી. ડૉક્ટરો આ નવી દવાની અસરકારકતા અંગે શંકાશીલ હતા. પણ રાઈટને પૂરો વિશ્વાસ હતો કે આ દવા એને બચાવશે. રાઈટના આગ્રહથી તેણે આ દવા અપાઈ. રાઈટની એની પર અદ્ભૂત અસર થઈ અને કેન્સરની ગાંઠ ઓગળવા લાગી. અમુક અઠવાડિયા પછી રાઈટ સંપૂર્ણ સ્વસ્થ થઈને પાઈલોટની નોકરી પર પર આવી ગયા. થોડા મહિના પછી છાપામાં સમાચાર છપાયા કે 'કલેબાયોસિન'ની જે કેન્સરની દવાને લેબોરેટરીમાં ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યા પછી એવું સાબિત થયું છે કે આ દવા કેન્સર પર બેઅસર છે. કંપનીને પણ એ દવા બજારમાંથી પાછી ખેંચવાની ફરજ પડાઈ છે.' રાઈટે આ સમાચાર વાંચ્યા. અઠવાડિયામાં એ બિમાર પડી ગયો. હોસ્પિટલમાં દાખલ થયો અને એના શરીરમાં ફરી કેન્સરની ગાંઠો જોવા મળી અને એકાદ મહિના બાદ તે મૃત્યુ પામ્યો.

નામ નહીં કામ જ બોલવાનું છે

તંત્રીસ્થાનેથી...

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'પ્રજાજનોના આગ્રહને વશ થઈને' રમતગમત ક્ષેત્રે એનાયત થતા સૌથી મોટા સમ્માનનું નામ દેશને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે રમતજગતમાં પ્રતિષ્ઠા અપાવનાર હોકીના ખેલાડી 'મેજર ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડ' રાખવાની જાહેરાત કરી છે. હૉકીમાં સળંગ ત્રણ ત્રણ વાર વિશ્વવિજેતા બનેલી ભારતીય ટીમના સૂત્રધાર મેજર ધ્યાનચંદના નામ પર દિલ્હીમાં એક સ્ટેડિયમ પણ છે. મૂળે આ એવોર્ડનું નામ રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ હતું. રાજીવ ગાંધી કયારેક દેશના વડાપ્રધાન પણ હતા, એ ભુલાઈ ન જાય એટલા સારું એમના નામ સાથે આવી લોકપ્રિય બાબત જોડી દેવાઈ હશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને નહેરુ ગાંધી પરિવાર પ્રત્યે ભયંકર નફરત છે તે હવે કોઈથી અજાણ્યું નથી રહ્યું. પરંતુ હજી દિલ્હીના ઈન્ટરનેશનલ એરપોર્ટનું નામ ઈંદિરા ગાંધીના નામ સાથે સંકળાયેલું છે. આમ જુઓ તો દેશ આઝાદ થયો તે પૂર્વે ઘણા બધા માર્ગો અને ઈમારતોનાં નામ અંગ્રેજ હાકેમોના નામે હતા. નામ સૌને વહાલું હોય છે. અંગ્રેજોએ દિલ્હીના વિશાળ રાજમાર્ગોને પોતાના ભૂતપૂર્વ વાઈસરોય, ગર્વનર જનરલ કે ઈંગ્લેન્ડના રાજવીઓનાં નામ આપીને એમનો મહિમા કરવા પ્રયાસ કર્યો હતો. આઝાદી પછી એ નામો ભૂંસીને તત્કલીન સરકારે પૃથ્વીરાજ ચૌહાણથીલઈ મોહંમદ તઘલખ, અકબર, હૂમાયું, શાહજહાં અને ઔરંગઝેબ ઉપરાંત શેરશાહ સૂરિ જેવા પૂર્વ શાસકોનાં નામ રાખ્યાં. નાના નાના સેતુ માર્ગોનાં નામો પોતાનાં દિવંગત સાથીઓનાં નામે કરી દીધા. આજે દિલ્હીમાં પંડિત મોતીલાલ નહેરુ માર્ગ, ડૉ. રાજેન્દ્રપ્રસાદ રોડ, મૌલાના આઝાદ માર્ગ, કે. કામરાજ માર્ગથી લઈ એ પછીના બિન કોંગ્રેસી શાસક દ્વારા થયેલા નામકરણ મુજબ જે પી માર્ગ અને શ્યામાપ્રસાદ મુખર્જી માર્ગ તથા દીનદયાળ ઉપાધ્યાય માર્ગ ઉપરાંત ઔરંગઝેબના વિકલ્પે એપીજે અબ્દુલ કલામ માર્ગ છે. લખનૌના એરપોર્ટનું નામ અમૌસી ઈન્ટરનેશનલ એરપોર્ટ હતું જે ચૌધરી ચરણસિંહ ઈન્ટરનેશનલ એરપોર્ટ બની ગયું છે. દિલ્હીના એરપોર્ટને અગાઉ ગામના નામે 'પાલમ' એરપોર્ટ તરીકે ઓળખવાની પ્રથા હતી. લંડનના એરપોર્ટને આજે પણ 'હીથ્રો' એરપોર્ટ જ કહેવામાં આવે છે. પછી તો જે નેતાનો જેવો રૂઆબ અને જેવું વજૂદ. નાગપુરને એરપોર્ટને ડૉ. બાબાસાહેબ આંબેડકરનું નામ સાંપડ્યું, તો વળી પટણાને જયપ્રકાશ નારાયણનું. કૉલકાત્તાના એરપોર્ટનું નામ સુભાષચંદ્ર બોઝ ઈન્ટરનેશનલ એરપોર્ટ હતું જે શ્યામાપ્રસાદ મુખર્જીના ફાળે તબલીલ થઈ ગયું. નામનો મોહ કોને નથી હોતો ! માયાવતીએ ઉત્તરપ્રદેશના જિલ્લાઓ દલિત વિભૂતિઓ નેતાઓના નામે કરી દીધા ! આમ જુઓ તો આ હાસ્યાસ્પદ ઘટના છે, જેને નહેરુથી લઈ મોદી સુધીના રાષ્ટ્રનાયકો પ્રોત્સાહિત કરતા રહ્યા છે. અલ્હાબાદને પ્રયાગરાજ કહેવાનું હિંદુ બહુમતીને તો ગમે, પણ ત્યાંની મુગલાઈ સંસ્કૃતિનું શું ? મુગલસરાયનું નાન દીનદયાળ ઉપાધ્યા નગર રાખી દેવાથી શો ફાયદો થાય ? શું દીનદયાળ ઉપાધ્યાયનો પવિત્ર આત્મા સ્ટેશનનું નામ બદલાઈ જવાથી હરખાયો હશે ? મોદી જાણે ! સરદાર પટેલ, આંબેડકર અને દીનદયાળ ઉપાધ્યાય મહાત્મા ગાંધી સાથે નામકરણની રેસમાં ઊતર્યા હોય એવું નથી લાગતું? જયાં જુઓ ત્યાં એમનાં પૂતળાં, એમના નામના રસ્તા ! આ બધી રીતરસમો સાથે કહેવાતી આઝાદ પ્રજાને સ્નાનસૂતકનો સંબંધ નહીં. સ્ટેડિયમનું નામ સરદાર પટેલ સાથે સંકળાયેલું હયો કે નરેન્દ્ર મોદીના નામ સાથે - એથી આમ જનતાને શો ફરક પડે ? રુપિયાની નોટ પર ગાંધીને બદલે મોદી કે મમતા દીદીનો ફોટો હોય તો પણ એ રુપિયો જ રહેવાનો છે. હા, જે તે રાજકીય પાર્ટીઓ એના નામે છાતી ફુલાવીને ફરે; એનો રાજકીય મુદ્દો બનાવી પ્રજાના પૈસે યોજાતી ચૂંટણીઓમાં એને વટાવતા ફરે. કયારેક હારે, કયારેક જીતે. નામ પાછળની ઘેલછામાં હવે ભગવાન પણ ઉમેરાયા છે! રામ, કૃષ્ણ અને હનુમાનના નામે પણ વોટની ટંકશાળ પડે છે. શૅક્સપિયરે એના નાટકના પાત્રના મોઢે ભલે ડાયલોગ બોલાવ્યો કે વ્હોટ ઈઝ ધૅર ઈન એ નેમ? એ રોઝ ઈઝ એ રોઝ ઈઝ એ રોઝ.... ગુલાબને ગમે તે નામે ઓળખશો અને એની સુગંદનો જ મહિમા રહેશે. જો કે આપણા કવિ તો કહી ગયો છે -

નામ રહંતાં ઠક્કરાં, નાણાં નવ રહંત;
કીરત કેરાં કોટડાં - પાડ્યાં નહીં પડંત!

અમે ઊભા છીએ આયનામાં શું બોલીએ!?

આરપાર

રાઘવજી માધડ

સવારમાં એક સંબંધીનો ફોન આવ્યો. તેઓનું કહેવું હતુંઃ 'મારા દીકરાને દસમા ધોરણમાં ઓછા ટકા ના લીધે સ્કૂલવાળા એડમિશન આપતા નથી.' પછીનો ઉઘાડો આક્રોશ હતો:'વધારે ટકાવાળા બહારના વિદ્યા ર્થીઓને એડમિશન આપી દીધું. આ સ્થાનિક વિદ્યાર્થીઓને ના પાડી. તો હવે આને ભણાવવા ક્યાં !?'

આ માસ પ્રમોશન પછીની આ સાર્વજનિક સમસ્યા ઉપદ્રવી છે. વર્ગ વધારો મળ્યા પછી પણ એડમિ શન મળશે જ એવો વાલીઓને વિશ્વાસ નથી. ઘણી સ્કૂલો મનમાની કરે છે, કોઈને ગાંઠતી નથી. જ્યાં કોઈ રોકવા કે ટોકવાવાળું ન હોય ત્યાં આવું ન બને તોજ નવાઈ ! વળી જેમના થકી ગાંઠવાનું હોય તે ખુદ ગંઠાઈ ગયા હોય, તે બોલે પણ શું ? રમેશ પારેખની કવિતા જેમ : ઊભા છીએ આયનામાં શું બોલીએ !?

આ માસ પ્રમોશન એક રીતે ખૂબ જ સારું લાગ્યું છે. પાસ-નાપાસનો આપોઆપ છેદ ઉડી ગયો છે. તેથી એવું કોઈ લેબલ નહીં લાગે. વળી સૌથી ઉત્તમ વાત એ રહી કે, નાપાસ થવાના લીધે જે વિદ્યાર્થીઓ આગળનો અભ્યાસ છોડી દેતા હતા તે નહીં છોડે અને જ્યાં ભણવા મળશે ત્યાં આગળ ભણશે.

આજે છેવાડાના સામાન્ય સમાજમાં પણ ભણતરની ભૂખ ઉઘડી છે. તેઓ ભણવું અને ભણાવવાનું મહત્વ સમજતા થયા છે. પણ એડમિશન માટેની પ્રોસેસમાંથી પસાર થવું તે તેઓના માટે અભિમન્યુ માફક, સાત કોઠાના ચક્રવ્યૂહમાંથી પસાર થવા જેવું છે. સઘળું જ ઓનલાઈન...નેટ કનેક્શન માટે ક્યાં જવાનું !?

દર વરસે બોર્ડનું પરિણામ આવે તેમાં વિદ્યાર્થીઓ પાસ-નાપાસ થાય. પાસ થયેલા જ્યાં એડમિશન મળે ત્યાં ગોઠવાઈ જાય.પણ આ નાપાસ થયેલાઓ ક્યાં જાય છે ? તેમાંથી કેટલા રીપિટર તરીકે પરીક્ષા આપે છે ? તેનું પરિણામ શું આવે છે ? અને નાસીપાસ થઈ જે ફરી પરીક્ષા જ નથી આપતા તે વિદ્યાર્થીઓ ક્યાં જાય છે,શું કરે છે ? આની વિગતવાર સાચી કે સચોટ માહિતી મળવી મુશ્કેલ છે. આપણે ઊગતા સૂરજ ને પૂજનારી પ્રજા પાસ થયો હોય તેની જ સાચી-ખોટી ચિંતા કરીએ છીએ.ખરેખરતો નાપાસ નહીં પણ જે તે પરીક્ષામાં અસફળ રહેલા વિદ્યાર્થીઓ માટેની આપણે ત્યાં કોઈ વ્યવસ્થા જ નથી.અસફળ રહ્યા પછી તે લગભગ ઓરમાયું બની જાય છે.પાસ થવામાં આપણે નિમિત હોઈએતો નાપાસ થવામાં પણ આપણે જ...

આજે મેરિટના આધારે એડમિશન આપવામાં આવે છે. સર્વથા સ્વીકાર્ય.પણ દરેક અભ્યાસક્રમ મેરિટ ના ચોકઠાં બેસે એવું નથી. કયાંક સ્કીલબેઈઝ નોલેજની પણ આવશ્યકતા રહેલી છે. બધાને એક લાકડી એ હાંકવા ઠીક નથી.ઓછું મેરિટ આવવાના ઘણાં કારણો હોય છે. મેરિટ જ માપદંડ હોય ત્યાં ઘણાં લાયક વિદ્યા ર્થીઓ ઈચ્છિત અભ્યાસથી વંચિત રહી જાય છે.તેમનું ભાવિ ધૂંધળું બને છે. પછીથી તેની સ્થિતિ ધોબીના કૂતરા જેવી, નહીં ઘરનો કે નહીં ઘાટનો એવી થાય છે... અને આવું થવા બદલ ખરેખર જવાબદાર કોણ ?

આપણે ત્યાં ઊંચું મેરીટ હોય તેને એડમિશન આપવાની પેધી ગયેલી સાર્વજનિક પ્રથા છે. પણ કોઈ કારણોવશ ઓછું કે નીચું મેરીટ આવ્યું હોય અને એને ભણવું હોયતો એ ક્યાં એડમિશન લેવા જાય !? નાછૂટકે આગળ અભ્યાસ કરવાનું છોડી દેવું પડે. સફળતાના અનેક બાપ હોય પણ નિષ્ફળતા હંમેશા લાવારિશ ગણાતી હોય છે. જીવનમાં કોણ પાસ, કોણ નાપાસ... એ ગણિત જ સમજાય એવું ક્યાં છે ?

આજે તંત્ર દ્વારા જાતભાતની નવી નવી સ્કૂલો ખોલવામાં આવી રહી છે. કોઈ સ્કૂલના બોર્ડ બદલાઈ રહ્યા છે...જે થાય તે સારું અને સારા માટે થઈ રહ્યું હશે. પણ જે વિદ્યાર્થીઓનું મેરિટ ઓછું હોય, નાપાસ થયા હોય તેમની માટેની કોઈ ખાસ, અલાયદી વ્યવસ્થા જ નથી. જેના અભાવે ઘણાં વિદ્યાર્થીઓ અદ્ધવચ્ચે અભ્યાસ છોડી દે છે. તેનું ભાવિ અંધકારમય બને છે અને પછી તે કયો રસ્તો અખત્યાર કરે છે તે કહેવું મુશ્કેલ છે. પણ આવા વિદ્યાર્થીઓ માટેની,તંત્ર અથવા કોઈ સંસ્થા ખાસ સ્કૂલ શરુ કરે તો, તેને નવાચાર કે ઈનોવેશન કહેવાની કોઈ ના નહીં પાડે !

છેલ્લે :

તક તો માત્ર બારણે ટકોરા મારે, પણ બારણું તો ઊભા થઈ ને આપણે જાતે જ ખોલવું પડે !

સમજીને કામ કરવું કે કામ કરીને સમજવું ? આવો સમજીએ

મોરપીંછના રંગ

ડો. કનૈયાલાલ ભટ્ટ

જીવન એક કલા છે. એ એક સત્ય છે. અને બીજું સત્ય એ પણ છે કે આ કલા મોટાભાગના લોકોને આવડતી હોતી નથી. અને એટલે જ લોકોને ''આર્ટ ઓફ લિવિંગ''ની શિબિરો કરવાની જરૂર પડે છે. મને એ નથી સમજાતું કે આજે લાખો કરોડો લોકો રૂપિયા ખર્ચીને આર્ટ ઓફ લિવિંગની શિબિરો, સેમિનારો, ટ્રેનિંગ કરવા જાય છે અને જીવન જીવતા શીખે છે. શા માટે ? જીવન આપણું અને એને જીવતા શીખવે બીજા કોઈ ? એ કેવી રીતે બની શકે ? પણ આજે આવું યે બને છે. કેમ કે આપણે આપણા જીવનમાંથી ''જીવનતત્વ'' જ ગુમાવી દીધું છે. આજે આપણે જે જીવન જીવીએ છીએ તે 'જીવનહ્ન નથી. પણ માત્ર ''જિંદગી'' છે. આપણે માત્ર પશુ પક્ષીઓની જેમ જિંદગી જીવીએ છીએ. જેમ રોજ સવારે પશુ પક્ષીઓ પોતાના ને પરિવાર માટે ખોરાકની કે શિકારની શોધમાં નીકળી પડે છે તેમ આપણે પણ સભ્ય રીતે ખોરાક અને શિકારની શોધમાં નીકળી પડીએ છીએ. આ જિંદગી'' તો છે પણ એમાં ''જીવન'' નથી. એમાં કોઈ રંગ નથી, રસ નથી, નવીનતા નથી. આનંદ, ઉત્સાહ કે નવી ઊર્જા નથી.

આપણે એવું માનતા હોઈએ છીએ કે ઈશ્વરે આપણને જિંદગી આપી છે તો એ પ્રમાણે જીવવું પડે છે. પણ મિત્રો, ઈશ્વરે આપણને માત્ર 'જિંદગી'' આપી છે. એને જીવન તો આપણે જ બનાવવવું પડે છે. ઈશ્વર તો માત્ર એક બીજ રોપે છે. એમાંથી વૃક્ષ તો જાતે જ બને છે. પણ એ વૃક્ષ બનતા પહેલા એને કેટલાયે તડકા, વરસાદ, આંધી – તૂફાન ઝીલવા પડે છે. આ બધા સંઘર્ષમાંથી પસાર થઈને જ એ મજબૂત – ફળ આપતું ઘટાદાર વૃક્ષ બની શકે છે. દુનિયાનું એકેય વૃક્ષ એવું નથી કે જેણે ધોમધખતા તડકાનો, આંધી તૂફાનનો, વરસાદીપૂરનો સામનો ના કર્યો હોય.

આપણું જીવન પણ આવું જ છે. અને હોવું જોઈએ. જન્મ વખતે તો આપણે માત્ર એક જીવ હોઈએ છીએ. એમાં જીવન તો આપણા સંઘર્ષથી ઊમેરાય છે. અને જો આ સંઘર્ષમાંથી હેમખેમ પાર ઉતર્યા તો આપણને આવડી જાય છે જીવન જીવવાની કલા. અન્યથા કરવી પડે છે આર્ટ ઓફ લિવિંગની શિબિરો.

આજે આ હાઈટેક યુગમાં જીવન જીવવા માટેના અનેક માધ્યમો, રસ અને રસ્તાઓ છે. જ્યાથી આપણો જીવ સુખ અનુભવે છે. આ સુખ મેળવવા માટે શાંતિને ગુમાવવી પડે છે. આ બધા બાહ્ય માધ્યમોને આપણે ભૌતિકતાનું નામ આપીને જીવનના એક ભાગરૂપે સ્વીકાર્યા છે. જેને કારણે ભૌતિક સુખ-સંપતિ અને સમૃદ્ધિની પાછળ દોડતો જીવ પોતાનામાંથી જ જીવન ગુમાવી દે છે. અને માત્ર જીવે છે જિંદગી. એક જીવની માફક.

આજે મોટાભાગના માણસોનું જીવન રૂટિન બની ગયું છે. આપણે સૌ વર્ષોથી એક જ રૂટિનમાં જીવીએ છીએ. કશું જ નવું કરવાની હામ કે હિંમત રહી નથી. સૌ કોઈ જિંદગીને સેઈફ - ફિક્સ ડિપોઝિટમાં મૂકીને જીવી રહ્યા છીએ. સવારે ઊઠીને ચા પાણી, અખબાર, પછી ઓફિસ કે દુકાન, સાંજે કે રાત્રે ઘેર, થોડીવાર ટી.વી. અને પછી બેડરૂમ ... સવારે ફરી પાછું એ જ ચક્ર. આવી રીતે જિંદગી જીવતા લોકોના જીવનમાં કાં આર્થિક સમૃદ્ધિ, કાં પરિસ્થિતિ સામે સંઘર્ષ કાં હતાશા કાં નિરાશા કે લાપરવાહી સિવાય કશું જ હોતું નથી. વર્ષોના વર્ષો આવી રીતે જિંદગી જીવતા આપણે દિવાળીના દિવસોમાં ક્યારેક પાંચ સાત દિવસ બહાર ફરીને આનંદ મેળવીને ફરી પાછા એ જ ચક્ર ફસાઈ જઈએ છીએ. આવી જિંદગીનો કોઈ નાનો કે મોટો ધ્યેય હોતો નથી. કાં આર્થિક સમૃદ્ધિ વધારવાનો કાં આર્થિક જરૂરિયાતને પૂરી કરવાનો હોય છે. આજે લાખો કરોડો લોકો એવા છે કે જેઓ આર્થિક રીતે સમૃદ્ધ હોવા છતાંય પોતાને મનગમતું કામ કરી શકતા નથી. તો વળી મોટાભાગનાને ના છૂટકે ઘર પરિવાર ચલાવવા નહી ગમતી નોકરી કે ધંધો કરવો પડે છે. અને જિંદગીને એક રગશિયા ગાડાંની જેમ આગળ વધારતા રહે છે.

આપણા દેશના લોકોની એક માનસિકતા એ પણ છે કે જે છે તે ચલાવ્યે રાખવું, બચાવીને જીવવું, કોઈ નવું સાહસ કે જોખમ ના કરવું – આવા સ્વભાવને કારણે મધ્યમવર્ગનો માણસ અતિ મધ્યમ અને ગરીબ માણસ વધુ ગરીબ થતો જાય છે. આ રૂટિનમાંથી મૂક્ત થવા માટે કંઈક નવું કામ કરવું પડે, જિંદગીમાં થોડું જોખમ પણ ખેડવું પડે. મોટા સપના જોવા પડે, જીવનનું મોટું ધ્યેય નક્કી કરવું પડે. એ પૂર્ણ કરવા ખુબ પરિશ્રમ અને પ્રવૃત્તિ કરવા પડે. પરંતુ પરિસ્થિતિથી દબાયેલા આપણે આવું કંઈ કરી શકતા નથી. ખરેખર જોઈએ તો લાઈફમાં ''રૂટિન'' એ કેન્સર જેટલું ખતરનાક છે. લાઈફ રૂટિન થવાથી અનેક પ્રકારના શારીરિક અને માનસિક રોગ થઈ જાય છે જેની આપણને ખૂદને જ ખબર હોતી નથી. સ્વભાવ ચિડીયો થઈ જાય છે, શંકાશીલ, સ્વાર્થી, ટૂંકીદૃષ્ટિ, ડરપોક, અશક્ત, સ્વકેન્દ્રી... આવા ઘણા પ્રકારના દૂર્ગુણો અનાયાસે જ આપણામાં પ્રવેશી જાય છે. ઈશ્વરે દરેક વ્યક્તિમાં અમાપ શક્તિઓ મૂકી છે. પણ આપણે એનો પૂરતો ઉપયોગ કરતા નથી. આપણું જીવન શ્રેષ્ઠ બનાવવા માટે આપણે આપણી શક્તિઓનો વધુમાં વધુ ઉપયોગ કરી શકતા હોતા નથી. દા.ત. આપણામાં એક હજાર કિલોમીટર સુધી ચાલવાની ક્ષમતા છે પરંતુ આપણે માત્ર પચાસ કિલોમીટર ચાલીને જ ખુશ છીએ કેમ કે બીજા લોકો તો માત્ર દસ વીસ કિલોમીટર જ ચાલ્યા કરે છે. તેથી આપણે અંતિમ સુધી પ્રયત્નો કરતા જ નથી. અને પચાસ કિલોમીટરે આપણા જીવનને સ્થગિત કરી દઈએ છીએ. આપણી બાકીની ૯૫૦ હૉર્સપાવર ઊર્જા આપણી અંદર જ પડી રહે છે. અથવા કહો કે એ આપણી અતિ સંઘર્ષમય પરિસ્થિતિને કારણે નકારાત્મકતામાં ફેરવાઈને એ ઊર્જા ક્રોધ, જીદ, જડતા અને શંકારૂપે વ્યક્તિને જ બરબાદ કરે છે. પરંતુ જો આ ઊર્જાને સમજીને રૂટિનથી બીજા કોઈ નવા કાર્યમાં લગાવીએ તો આપણે લાઈફમાં બીજું ઘણું બધું પામી શકીએ છીએ. પરંતુ વર્ષોથી આપણી આસપાસ આપણી માનસિકતાને અજગર બનીને વિંટળાયેલ પરિસ્થિતિ કે રૂટિન આપણી ક્રિએટિવ ચેતના હરી લે છે. આપણને ડરપોક બનાવી દે છે. આપણે લાઈફને એકદમ સેઈફ રીતે જીવતા શીખી જઈએ છીએ.

મિત્રો, આપણે એ વિચારવું જોઈએ કે આપણે અત્યારે જે કામ કરીએ છીએ. તે કામ કે નોકરી કે બિઝનેસ આપણા સંતાનો કરી શકશે ખરા ? જો અંદરથી જવાબ આવે કે ''ના'' તો આપણે આવનારા ભવિષ્ય માટે કોઈ નવું કામ શોધવું જ પડે. કેમ કે આજે દર વર્ષે બધુ જ બદલાઈ જાય છે. પરિવર્તનનો સમય ઓછો થતો જાય છે. આજે જે છે તે આવતા બે ચાર વર્ષ પછી નહી હોય. તેથી નવા બિઝનેસ કે નવા આવિષ્કારો કે નવા પરિવર્તનો સ્વીકારવા જ પડશે. પ્રત્યેક દેશના પ્રત્યેક સમાજમાં આવતા યુગવર્તી પરિવર્તનો સ્વીકારવા જ જોઈએ. જિંદગીમાં અમુક સમયના અંતરે જોખમો પણ ખેડવા જોઈએ. જિંદગીની વન ડે મેચમાં પચાસમાંથી છેલ્લે માત્ર પાંચ સાત ઓવર બાકી હોય અને એક સો રન કરવાના બાકી હોય તો સેઈફ કે ધીમે ધીમે ના રમાય. જોખમ ઉઠાવીને ચોક્કા છક્કા મારવા જ પડે. ડરીને, હારીને મેચ હારી જવી એના કરતા બહાદૂરીથી ચોક્કા છક્કા મારતા મારતા મેચ હારવી વધુ સારી કારણ કે એમાં મેચ જીતવાના પૂરેપુરા ચાન્સ હોય છે. અને મેચ જીતી પણ જવાય છે. ઘણી વખત વધુ પડતી સમજદારી પણ હારનું કારણ બને છે. તેથી ક્યારેક સમજીને કામ કરવાવાળા નિષ્ફળ જાય છે અને કામ કરીને સમજવાવાળા સફળ બને છે. કારણ કે એમની સમક્ષ માત્ર કામ જ હોય છે લક્ષ્ય જ હોય છે. આપણે મોટેભાગે ક્ષમતાના અભાવમાં બાઝી નથી હારતા પણ યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેવાની ક્ષમતાના અભાવમાં બાઝી હારી જઈએ છીએ. ક્ષમતા તો દરેકમાં ભરપુર છે જ પણ નિર્ણય લઈ શકતા નથી. કેટલાક લોકો સાચો નિર્ણય લેવાની વિચારણા કર્યા રાખે છે અને કેટલાક નિર્ણય લઈને એને સાચો ઠેરવે છે. કંઈક જીવનમાં નવું કરવું હોય, રૂટિનમાંથી મૂક્ત થવું હોય, જિંદગીની મેચ જીતવી હોય તો થોડું જોખમ ખેડવું જરુરી હોય છે. નિર્ણય લેવો જરૂરી હોય છે. અને ઈશ્વર પણ હંમેશાં સાહસ કરનારનો જ સાથ આપે છે.

- 9426060601.india@gmail.com

ટોકિયો ઓલમ્પિક : ભારતીય ખેલાડીઓની સંઘર્ષગાથાઓ...!

રઝળપાટ

અજય ઉપાધ્યાય

'મંઝીલ ઉન્હી કો મિલતી હે જીનકે સપનોમે જાન હોતી હે, પંખ સે કુછ નહી હોતા હોંસલોસે હી ઉડાન હોતી હે '.... બહુ જાણીતા આ ક્વોટનો સીધો ને સટ્ટ ભાવાર્થ એ છે કે જીગરમાં આગ હોવી જોઈએ સફળતા મેળવવાની તો અને માત્ર તો જ સફળતા મળવાની. આ લખાય છે ત્યારે ઓલમ્પિક એના આખરી ચરણમાં છે. મેડલની સંખ્યાઓ કે કોણ ટોપ પર છે એના કરતાં પણ મેડલ મેળવનારાઓ કે મેડલના મેળવનારાઓની ગાથાઓ, એમના સંઘર્ષો અને ખાસ તો સફળતા મેળવવાની એમની જીદની વાતોથી સફળતા માટે કેટલો ત્યાગ, બલિદાન ની સાથે સાથે કેટલી સજ્જતા અને કેટલો આત્મવિશ્વાસ કેળવવો પડે છે....મેળવવો પડે છે એની વાતો કોઈ પુસ્તકમાં વાંચવા નહીં મળે એવી છે. આમ તો ઓલમ્પિકમાં રમવા મળે એ જ સફળતાની નિશાની અને અહોભાગી ગણી શકાય એમ છતા પણ ટોકિયો ઓલમ્પિક એટલા માટે પણ આપણા માટે યાદગાર રહેવાનો છે કારણ કે આ ઓલમ્પિકમાં ઘણું બધુ પહેલી વાર થઈ રહ્યું છે અથવા તો એક અરસા પછી થઈ રહ્યું છે અને ભારતમાં ક્રિકેટ સિવાયની રમતોને પ્રોત્સાહન મળી રહયું છે અને ટોકિયો ઓલમ્પિકમાં મળી રહેલી સફળતાને લીધે આ રમતોને આગળ પણ વધુ પ્રોત્સાહન મળતું રહેવાનુ એનો પાયો નંખાય રહ્યો છે એનો આનંદ છે.

શરૂઆત પુરુષ હોકીથી જ કરીએ. ૪૧ વર્ષ જેટલા લાંબા સમય પછી ભારતની પુરુષ હોકી ટીમે જર્મનીને દિલધડક મેચમાં ૫-૪ થી હરાવીને બ્રોન્ઝ મેડલ જીત્યો છે એની ખુશી દેશભરમાં છે પણ એ સફળતા પાછળની સંઘર્ષગાથાઓ ખબર છે ? હોકી ટીમના લગભગ એક એક ખેલાડીઓની કોઈ ને કોઈ સંઘર્ષકથા છે. મેચની લાસ્ટ ૭ સેકન્ડ બાકી હતી ને જર્મનીના પેનલ્ટી સ્ટ્રોકને બખૂબી ક્લિયર કરીને ભારતની જીતમાં જેનો અહમ ફાળો છે એવા ગોલકીપર શ્રીજેશ પાસે એક સમયે હોકીની કીટ ના પણ વાંધા હતા. દેશ માટે ત્રણ ઓલમ્પિક રમી ચૂકેલો આ ગોલી ૧૨ વર્ષનો હતો ત્યારથી હોકી માટે ઘરથી દૂર રહ્યો છે તો ડિફેન્ડર રૂપીન્દર એક સમયે પૈસા બચાવવા માત્ર એક જ વખત જમતો હતો.છ મહિના પહેલા માતા ગુમાવી ચૂકેલા મીડફિલ્ડર સુમિતના પિતા તો હોટલમાં મજૂરી કરે છે અને સારા બુટની લાલચે સુમિત હોકી એકેડમીમાં જોડાયેલો. પણ એણે માં ને ઓલમ્પિક મેડલ લાવવાનો વાયદો કરેલો એ પૂરો કરી બતાવ્યો. વિવેક સાગર તો ૨૦૧૫ માં પ્રેક્ટિસ કરતાં ઈજાગ્રસ્ત થયો અને ડોકનું હાડકું તૂટી ગયું એટલું જ નહીં પણ સારવાર દરમ્યાન આંખોમાં પણ છિદ્ર પડી ગયું છતાં ૨૧ દિવસ મોત સામે જંગ લડીને શાનદાર કમબેક કર્યું. ૨૦૦ થી વધુ મેચ રમી ચૂકેલા મનપ્રિતના ભાઈઓએ પૈસાની તંગીને લીધે હોકી છોડી દીધી પણ ભાઈને ખેલાડી બનાવવાનું સપનું ચાલુ રાખેલું. પંડિત પિતાના પુત્ર નિલકાંતે પણ ૧૬ વર્ષની ઉમરમાં જ હોકી માટે ઘર છોડી દીધેલું. ૧૧ વર્ષની ઉમરમાં જ જલંધરની એકેડમીમાં દાખલ થયેલ સુરિન્દરની ઈચ્છા તો નેશનલ માં એટલા માટે રમવાની હતી કે જેથી નોકરી આસાનીથી મળી જાય.

ટોકિયો ઓલમ્પિકમાં ભારતે પહેલી જ વાર તલવારબાજીમાં ભાગ લીધો. તલવારબાજ ભવાનીદેવી ભલે એક મેચ જીત્યા પછી વર્લ્ડ નંબર ૩ સામે હારીને બહાર થઈ ગઈ પણ ૧૯૯૫માં પિતાના અવસાન છતા પણ એની માતાએ ઘરેણાં ગીરવે રાખીને પણ દીકરીને અહી સુધી પહોચાડી છે એ માટે સદા યાદ રહેશે. ૫૭ કિલો વર્ગમાં સિલ્વર મેડલ જીતેલ રવિ દહીયાના પિતા પણ ખેતમજૂર હતા. ૧૦ વર્ષનો રવિ જ્યારે દિલ્હી પ્રેક્ટિસ કરતી ત્યારે એના પિતા ૪૦ કિલોમીટરનું અંતર કાપીને રોજ રવિને ફળ-દૂધ આપવા દિલ્હી આવતા. છત્રસાલ સ્ટેડિયમમા ટ્રેનિગ લેતો રવિ એક રૂમમાં ૨૦ લોકો સાથે રહેતો પણ અડગ ઈરાદાએ આજે એણે ઓલમ્પિક મેડલિસ્ટ બનાવી દીધો છે. ડિસ્કસ થ્રો માં સહેજ માટે મેડલ ચૂકી જનાર કમલપ્રીતના તો જન્મથી જ એના ઘરના લોકો ખુશ નહોતા. મધ્યમવર્ગીય પિતા એની ટ્રેનિંગનો ખર્ચ ઉઠાવવા તૈયાર નહોતા છતાં કમલપ્રિત ૧૦૦ કિમી દૂર જઈને તાલીમ લેતી અંતે એની રમત જોઈને પિતાએ સહકાર આપવાનું શરૂ કર્યું. દેશને પહેલા જ દિવસે સિલ્વર અપાવનાર વેઈટ લિફ્ટર મીરાબાઈ ચાનું તો મેડલ ની તૈયારી માટે બે વર્ષ સુધી ઘરથી દૂર રહી છે.

દંગલ ફિલ્મના ડાયલોગની જેમ ટોકિયો ઓલમ્પિકમાં પણ 'હમારી છોરીઓ છોરો સે કમ હે કા' ની જેમ છોરીઓનો જલવો રહ્યો. ૬૯ કિલોવર્ગ બોક્સિંગમાંબ્રોન્ઝ જીતેલ લવલીનાની બંને બહેનો કીક બોક્સિંગમાં નેશનલ પ્લેયર છે. કોઈ પુત્ર ના હોવાથી એના માતા-પિતા પર ગામવાળા દયા ખાતા હતા એવા સંજોગોમાં લવલીનાના માતા-પિતાએ ' દીકરો નથી તો શું થયું ? દીકરીઓ કઈ કમ છે ? ' એવું સાબિત કરતાં દીકરીઓને એવી તૈયાર કરી કે આજે એ જ ગામ એમના વખાણ કરે છે. દીકરીઓની જ વાત નીકળી છે તો પ્રથમ જ વાર ઓલમ્પિક મહિલા સેમી ફાઈનલમાં પહોચેલી મહિલા હોકી ટીમની વાત કરવી જ પડે. ભલે બ્રોન્ઝ ના મુકાબલામાં ભારતીય ટિમ હારી ગઈ પણ દેશવાસીઓના દિલ જીતી લીધા. કેપ્ટન રાની રામપાલના પિતા તો ઘોડાગાડી ચલાવીને રોજના ૮૦ રૂપિયા માંડ કમાતા હતા. દૂબળી રાનીને તો કોચ ટ્રેનીગ આપવા પણ તૈયાર નહોતા પણ રાનીની જીદ સામે અંતે તે નમતું જોખી ગયા અને અંતે એ જ કોચે રાનીને કીટ પણ આપી અને ટ્રેનીગ પણ. સંકુચિત માં-બાપ ને ટૂંકા કપડાં પહેરવા સામે વાંધો હતો તો રાની સલવાર – કમીઝ પહેરીને રમી અને આમ આગળ વધી. તો ડિફેન્ડર ગુરજીત ના તો કુટુંબમાં કોઈએ હોકી નથી રમી ઉપરથી ગરીબી પણ પિતાએ પોતાનું બાઈક વેચીને એના માટે કીટ ખરીદેલી. ઝારખંડની સલીમાં ટેટે તો આજે પણ કાચા મકાનમાં રહે છે. સલીમાને હોકી પ્લેયર બનાવવા એની બહેને બેંગલોરમાં મેડની નોકરી કરેલી. વર્લ્ડ ચેમ્પિયનશિપમાં રમવા જતી વખતે સલીમાં પાસે ટ્રૉલી બેગ પણ નહોતી. જો કે હવે સલીમાં પાસે સરકારી નોકરી છે. ઝારખંડની જ નિક્કી પ્રધાનના પિતા પોલીસમાં છે એટ્લે સમય ની કમી ને લીધે નિક્કીને એની માતા જ ટ્રેનીંગ અને મેચીસમાં લઈ જતી. ઓલમ્પિકમાં હેટ્રીક કરનાર પહેલી ભારતીય ખેલાડી વંદના કટારીયા ઝાડની ડાળીઓથી હોકી શીખી હતી. બેંગલોરમાં ટ્રેનીગ દરમ્યાન એના પિતાના અવસાન વખતે કોરોનને લીધે હાજર નહોતી રહી શકી પણ હવે એણે ઓલમ્પિકમાં શાનદાર પ્ર્દર્શન કરીને પિતાને અંજલિ આપી છે. ૧૦૦ થી વધુ આંતરરાષ્ટ્રીય મેચ રમી ચૂકેલી નવજોતના પિતા એક મેકેનિક છે. હોકી ટીમની દીવાલ ગણાતી ગોલકીપર સવિતા ૯માં ધોરણમાં હતી ત્યારની હોકીની ટ્રેનીગ લે છે. ડિફેન્ડર નિશાના પિતા દરજી હતા અને લકવાને લીધે કામ છોડી ચૂકેલા ત્યારે નિશાને એની માતાએ કારખાનામાં કામ કરીને આગળ વધારી છે. આ લખાય છે ત્યારે ૬૫ કિલોમાં સેમિફાઈનલ ગુમાવ્યા પછી હવે બ્રોન્ઝ માટે લડવાના છે એ પહેલવાન પિતાના પુત્ર અને મશહૂર ફોગાટ સિસ્ટર્સની એક અને પહેલવાન સંગિતા ફોગાટના પતિ બજરંગ પુનિયા પણ મધ્યમ આર્થિક સ્થિતિને મહાત આપીને અહી સુધી પહોચ્યા છે. ઓલમ્પિકમાં સતત બીજો મેડલ મેળવનાર સિંધુની સફળતા પાછળ એની પોતાની હાર્ડ ટ્રેનીગ ઉપરાંત ઉપરાંત એના પિતા અને કોચ ગોપીચંદનો અગત્યનો રોલ છે. ભાલાફેંકમાં ગોલ્ડ કે સિલ્વર મેડલની જેની પાસેથી આશા છે તેવા આર્મીમેન નીરજ ચોપરા પાસે પણ શરૂઆતના દિવસોમાં ૧ લાખની કિમતનો ભાલો ખરીદવાના પૈસા નહોતા ત્યારે સસ્તી જ્વેલીન ખરીદીને ૭-૭ કલાકની પ્રેક્ટિસ પછી આજે આ સ્ટેજે પહોચેલ છે. આ તો માત્ર ભારતીય ખેલાડીઓની સંઘર્ષકથાની વાતો છે પણ ઓલમ્પિકમાં દુનિયાના ઘણા દેશોના રમતવીરોની આવી જ સફળતા સુધી પહોચ્યા પહેલાની સંઘર્ષકથાઓ છે અને રમતવીરો આવા જ સંઘર્ષોને અવરોધીને મેડલ લાવે કે ના લાવે તો પણ શાબાશી તો બને જ છે.